# ગોરંભા ઊમટ્યા

જી રે... ગોરંભા ઊમટ્યા ઘેઘૂર આભમાં
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે
ઊંડે અજવાળાં તબકી-ઝબકી જાગતાં
જાણે ઝીણેરું ઝળકંતી તલવાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

તપતી માટીએ કીધી કંઈ કંઈ આરદા
ઊંચું ઝાંખે રે જળતળ થઈને સાબદા
વેરી તૂટયાં-તૂટયાં કાંઈ વચનું, વાયદા
ક્યાંથી ચડશે, ક્યાં ઢળશે ચતરંગ સાયબો
કોઈ અણસારો ઊગે ના લગાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

કેવા ગઢની કુંવરીયુ કોણે નોતરી
અક્ષત-કંકુ લૈ ઊભી જે આગોતરી
દીધી જળના સ્વયંવરની કંકોતરી
કરશે લેખાં - જોખાં ને અક્ષર માંડશે
મોંઘા મૂલે મૂલવાશે મુશળધાર રે
ઘેરા પડછંદા ડણકે આરંપાર રે

*૫-૧૧-૨૦૨૦*

*ચતરંગ = હાથી, ઘોડા, રથ અને પાયદળ એમ ચતુરંગી સૈન્યવાળો*

# અભરે ભરેલ આભમાંથી

અભરે ભરેલ આભમાંથી એક તારલી તાગું
માગું મુઠ્ઠીભર માટી જો ધરતી ધીરે!
અદકું એથી લાભવું નથી કાંઈ લગીરે!

ભીડથી નોખા મનખાની એ મોજ કે જાણે
ઘાસલ ઘેર્યા બીડ હિલ્લોળે ચડતાં ભાળું!
હે ય.. રે એમાં પડખોપડખ લઈ ઉગાવો
વાગવું અને ફોરવું લ્હેરે જાય લજ્જાળુ!
નામથી જેના શાખ આખી રળિયામણી એવી
મહેકની નાજુક પોટલીનું કોણ કાળજું ચીરે?
ઝીણઝાઝેરું જાણવું નથી કાંઈ લગીરે!
અદકું એથી લાભવું નથી કાંઈ લગીરે!

આરદા એકજ એ જ મથામણ એમ કરું કોશિશ
કે આવી નભનંદિની વાક્માં વહે!
હે.. ય અનેરા તેજ કે એમાં અંગ ઝબોળે
એટલાં ગીતો અમરવું પદ સહસા ગ્રહે!
બારાખડીમાં ઊઘડે આછી સમા-સમાની
ભાવછબિ તો કોણ નકામું જાય મંદિરે?
મોઘમ બીજું માગવું નથી કાંઈ લગીરે!
અદકું એથી લાભવું નથી કાંઈ લગીરે!

૨૭-૧૧-૨૦૨૦

*તાગું = માપું, ધીરે = ઉછીનું આપે, ઘાસલ ઘેર્યા બીડ = ઘાસથી ફાટફાટ જમીન, ઉગાવો = ઊગવું, કાળજું = કલેજું, આરદા = ઈચ્છા સમા-સમાની = દરેક પ્રહરની*

# જળનાં જુદાં હેત

નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત

ટીપાંમાં તરવરતું મળજો આભ, આભમાં
રમતાં હો નભગંગા ને નક્ષત્રો
અહો! અમીરી આંખોને, તે ફટાફટ
ઊજવાતાં સામે ઋતુ-ઋતુનાં સત્રો

તપવું, ઠરવું, ઠલવાવું બસ વન હો કે રણરેત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત
નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેત

ઝંખ્યું એને જીરવવું ને જીરવવાને
ઝંખે, એવી પડી કારમી પ્રથા
વ્હેવું હોય વશેકું જેને, એને સઘળું
સરઆંખો પર, વ્હાલ હોય કે વ્યથા

વળી કદી વણસે તો, વરસી વરસી વારો લેત
ઝાલ્યે-ઝિલ્યે હાથ ન લાધે, જળનાં જુદાં હેત
નદી-સરોવર જાય છલાંગી મોકો મળતા વેત

*૧૬-૧૦-૨૦૨૦*

*વણસે = ખીજાય, વારો = દાવ*

ગીત

# પછી કૈં બોલ!

તારું સ્થાનક શોધ, તને તું સ્થાપ, પછી કૈં બોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઇને આઘે ઊભા રહી બધુંયે તોલ!
તારું સ્થાનક શોધ, તને તું સ્થાપ, પછી કૈં બોલ!

કોની મરજીથી આ ખરતા તારા,
પડતી ઉલ્કા, ફરતા ગ્રહો!
કરી ઈશારો કહ્યું હશે કોણે નદીઓને
અવળે વ્હેણે વહો!

કયા નિયમથી વૃક્ષની એક જ ડાળે બેસી
વિલાપ કરતાં ચકવો-ચકવી ને ગાતું ચંડોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઇને આઘે ઊભા રહી બધું યે તોલ!

હિલ્લોળા યાને કે જંગલ
ચડે મસ્તીએ ડણકે ને ચહચહે!
પછી લખલખું, કંપારી ને
પડતા ટાઢાબોળ શેરડા, દહે!

પણે દૂર તગતગવું, રાની આંખ હશે કે
હશે તાપણાં? કયા ભરોસે જીવ રહે સમતોલ!
એ કહેવાશે બહેતર જે કૈં થતું હોય તે
થવા જ દઇને આઘે ઊભા રહી બધું યે તોલ!

*૨૧-૧૦-૨૦૨૦*

*રાની = જંગલી*

# વણકર વણે દુશાલા!

વખતવખતના તાણેવાણે વણકર વણે દુશાલા!
જે કોઈ ઓઢે, પહેરે એને મળે દરજ્જો આલા!

બજાર વચ્ચે ઊભા બંદા
ટેક લીધી લિજ્જતની
નામ-ઠામ પૂછો તો કહેતા
મદ્યલોકના વતની
પીવે કિન્તુ પરખ હોય નહીં એ પ્રમાણે પ્યાલા!
પારખ તો મદહોશ થવાને માગે રે મધુશાલા!

લત લાગે તો લેત લાવણી
ભાવ ધરે તો ભજની
તાન ચડે તો મુદ્દે - મુદ્દે
લેતા લ્હાણ તમસની
મન લાગે ત્યાં માખણ-મિસરી માગે થઈ મતવાલા!
મોહે ત્યાં મલકાતી મૂરત, ઊલટે ઉરઉજાલા!

અચરજનાં ઓશિંગણ જેનાં
પરજન્યે પથારી
નદ-નદીમાં વહી નીકળે
સામાં વ્હેણ વિદારી
એકાન્તે ભરપૂર રહે પણ ભીડમાં બિલકુલ ઠાલા!
કામજ્વરા કામિની સામે નતમસ્તક, નમાલા!

*૩૧-૫-૨૦૨૪*

*દુશાલા = કિંમતી શાલ, આલા = ઉચ્ચ દરજ્જો, લત = ટેવ, મિસરી = સાકર, વિદારી = પાર કરી, નમાલા = કમજોર*